# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૭ તા.૦૫-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- રાજય વ્યાપી સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત યોગ બોર્ડ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા ૧ લી ડીસેમ્બર ૨૦૨૩ થી ૧લી જાનયુઆરી ૨૦૨૪ દરમ્યાન યોગના પ્રોત્સાહન માટે રાજય વ્યાપી સૂર્યનમસ્કારના મહાસંગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજય કક્ષાએ વિજેતા સ્પર્ધકોનું ૧લી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મોઢેરા સૂર્યમંદિર ખાતે યોજાનાર ભવ્ય સમારોહમાં સન્માન કરવામાં આવશે. આ સાથે સામેલ સમય પત્રક મુજબ શાળા કક્ષાથી માંડીને રાજય કક્ષા સુધીની સ્પર્ધા યોજાનાર છે. જેમાં ધોરણ ૫ થી ૮ ના એટલે કે ૯ થી ૧૮ વર્ષ સુધીની વય સુધીના વિદ્યાર્થીઓને ભાગ લેવા જણાવવામાં આવે છે.

**<u>સ્પર્ધાની વિગત</u>**

| ક્રમ | કક્ષા | કાર્યક્રમની વિગત | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | શાળા કક્ષા | સૂર્યનમસ્કારનું નિદર્શન અને મહાવરો | તા. ૧૨ થી ૧૪ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૨ | વોર્ડ કક્ષા | કોર્પોરેશન વોર્ડ કક્ષાની સ્પર્ધા | તા. ૧૫ થી ૧૯ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૩ | ઝોન કક્ષા | કોર્પોરેશન ઝોન કક્ષાની સ્પર્ધા | તા. ૧૯ થી ૨૩ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૪ | મહાનગરપાલિકા કક્ષા | મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધા | તા.૨૪ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૫ | રાજય કક્ષા | રાજય કક્ષાની સ્પર્ધા | તા.૨૯ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૬ | રાજય કક્ષા | રાજય કક્ષાના વિજેતા સ્પર્ધકોનો સન્માન સમારોહ | તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૪ |

**<u>સૂર્યનમસ્કાર સ્પર્ધાના નિયમ</u>**

| **ક્રમ** | **કક્ષા વાઈઝ સ્પર્ધા** | **સ્પર્ધાનો સમયગાળો** |
|---|---|---|
| ૧ | ગ્રામ્ય તથા ન.પા./ મ.ન.પા. વોર્ડ કક્ષા સ્પર્ધા | ૦૧ મિનિટ |
| ૨ | તાલુકા તથા ઝોન કક્ષા સ્પર્ધા | ૦૨ મિનિટ |
| ૩ | જીલ્લા તથા મહાનગરપાલિકા કક્ષા સ્પર્ધા | ૦૩ મિનિટ મંત્રોચ્ચાર સાથે |
| ૪ | રાજય કક્ષા સ્પર્ધા | ૦૫ મિનિટ મંત્રોચ્ચાર સાથે |

**નોંધ:-** **સૂર્યનમસ્કાર સ્પર્ધાનું રજીસ્ટ્રેશન તા. ૦૬-૧૨-૨૦૨૩ થી ચાલુ થશે જેમાં ધો. ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરવા માટેની અન્ય વિગતો હવે પછી જણાવવામાં આવશે.**

તા.૦૫-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી